Seat No. : _______________

# BA-104

**May-2015**

## B.A., Sem.-IV

## EC-1-211 : Gujarati

### એકાંકી સાહિત્યસ્વરૂપ (ચંદ્રવદન મહેતાનાં પ્રતિનિધિ એકાંકીઓ)

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

1. એકાંકીના સાહિત્યસ્વરૂપની વિભાવના સ્પષ્ટ કરી, તેનાં વ્યાવર્તક લક્ષણો જણાવો. **14**

**અથવા**

એકાંકી સાહિત્યસ્વરૂપના ઉદ્‌ભવની ચર્ચા કરી, ગુજરાતી સાહિત્યમાં એકાંકીનાં થયેલા વિકાસની વિગતે ચર્ચા કરો.

2. ‘ચંદ્રવદનનાં પ્રતિનિધિ એકાંકીઓ’ને આધારે ચંદ્રવદન મહેતાને એકાંકીકાર તરીકે મૂલવો. **14**

**અથવા**

નોંધ લખો :

(1) ‘અહ્‌માચાર્ય’ એકાંકીનો આરંભ અને અંત

(2) ‘મા’ એકાંકીમાં શીલાબહેનનું પાત્ર

3. ટૂંકનોંધ લખો : (ગમે તે **બે**) **14**

(1) ‘અંતર-બહિર’ એકાંકીનો મનમોહન

(2) કટાક્ષપ્રધાન એકાંકી તરીકે ‘ધારાસભા’

(3) ‘ચંદ્રવદન મહેતાનાં પ્રતિનિધિ એકાંકીઓ’માં વિષયોનું વૈવિધ્ય

(4) ‘છેલ્લો દાવ’ એકાંકીની પાત્રસૃષ્ટિ

4. વિચાર-વિસ્તાર કરો : (ગમે તે **બે**) **14**

(1) પ્રતિજ્ઞા વિનાનું જીવન એ પાયા વિનાની ઈમારત સમું છે.

(2) દુઃખીના દુઃખની વાતો સુખીના સમજી શકે,
સુખી જો સમજે પૂરું, દુઃખના વિશ્વમાં ટકે.

(3) કલા છે ભોજ્ય મીઠીને ભોક્તા વિણ કલા નહિ,
કલાવાન કલા સાથે ભોક્તા વિણ મળે નહિ !

(4) શમે ના વેરથી વેર, ટળે ના પાપ પાપથી,
ઔષધ સર્વ દુઃખોનું, મૈત્રીભાવ સનાતન.

5. નીચેનાં પ્રશ્નોનાં જવાબ આપો : **14**

(1) ચંદ્રવદન મહેતાનો જન્મ કઈ સાલમાં થયો હતો ?
(a) 1901 (b) 1909 (c) 1911 (d) 1915

(2) 'છેલ્લો દાવ' એકાંકીમાં કેટલા પાત્રો છે ?
(a) ચાર (b) ત્રણ (c) સાત (d) બે

(3) 'ચંદ્રવદન મહેતાનાં પ્રતિનિધિ એકાંકીઓ'માં કયું એકાંકી નટીશૂન્ય છે ?
(a) અહ્‌માચાર્ય (b) હું પરમેશ્વર (c) હોહોલિકા (d) ધારાસભા

(4) 'મા' એકાંકીમાં મૃત્યુ પામેલ શબ નાયકનું છે, નાયકનું નામ જણાવો.
(a) નરેશ (b) યજ્ઞેશ (c) મહેશ (d) જયેશ

(5) 'સાપના ભારા' એકાંકીસંગ્રહનાં લેખકનું નામ જણાવો.
(a) ધૂમકેતુ (b) ઉમાશંકર જોશી
(c) ઝવેરચંદ મેઘાણી (d) રા.વિ. પાઠક

(6) 'અત્ર લુપ્તા સરસ્વતી' કેવી એકાંકી છે ?
(a) વર્ણાનાત્મક (b) કટાક્ષપ્રધાન
(c) રેડિયો એકાંકી (d) ભવાઈ શૈલીનું

(7) શિવકુમાર જોશીનાં એકાંકીઓમાં કેવો માનવસમાજ મુખ્યત્વે આવે છે ?
(a) ગ્રામીણ (b) ગરીબ (c) મધ્યમવર્ગીય (d) દલિત-પીડિત

(8) ચંદ્રવદન મહેતાનાં જન્મસ્થળનું નામ આપો.
(a) અમદાવાદ (b) સુરત (c) વડોદરા (d) રાજકોટ

(9) 'લોમહર્ષિણી' એકાંકીનાં સર્જકનું નામ જણાવો.
(a) બટુભાઈ ઉમરવાડિયા (b) પ્રાણજીવન પાઠક
(c) ઉમાશંકર જોશી (d) પન્નાલાલ પટેલ

(10) માનવીના વિવિધ જગતને દર્શાવતું એકાંકીનું નામ જણાવો.
(a) ધારાસભા (b) છેલ્લો દાવ (c) અંતર-બહિર (d) હું પરમેશ્વર

(11) 'હું પરમેશ્વર' કેવી એકાંકી છે ?
(a) વર્ણાનાત્મક (b) ઐતિહાસિક (c) કટાક્ષપ્રધાન (d) સમસ્યાપ્રધાન

(12) કુમારપાળ - મૃદુલા કયા એકાંકીનાં પાત્રો છે ?
(a) હોહોલિકા (b) અહ્‌માચાર્ય (c) છેલ્લો દાવ (d) ધારાસભા

(13) દુર્ગેશ શુકલે ભાવનામય એકાંકીઓ શેમાં આપ્યાં છે ?
(a) વડલો (b) ઉલ્લાસિકા
(c) પિયરનો પડોશી (d) પૃથ્વીના આંસુ

(14) ચંદ્રવદન મહેતાકૃત એકાંકીસંગ્રહનું નામ આપો.
(a) અમો, વરવહુ અને બીજા નાટકો (b) સાપના ભારા
(c) ઘર જમાઈ (d) ભવસુધારણા

---